વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

September- 2026

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# અપેક્ષાવૃત્તિ - ગંભીર અપરાધ!

**- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**



*'જ્ઞાનીને વિષે જો કંઈ પણ પ્રકારે ધનાદિની વાંછા રાખવામાં આવે છે, તો જીવને દર્શનાવરણીય કર્મનો પ્રતિબંધ વિશેષ ઉત્પન્ન થાય છે.'* શું કહે છે? જ્ઞાનીને વિષે કે કોઈપણ મુમુક્ષુને વિષે પણ, જ્યાં ધાર્મિક સંબંધ હોય, ત્યાં બને ત્યાં સુધી આર્થિક વ્યવહાર ન કરવો જોઈએ. આર્થિક વ્યાપાર ન કરવો જોઈએ અને આર્થિક લાભ થાય એવી ઈચ્છા કે વાંછા નહિ રાખવી જોઈએ.

બજારમાં જઈને વેપાર કરો એ ચારિત્રમોહનું કારણ છે. આ દર્શનમોહનું કારણ છે. જ્ઞાની પ્રત્યે પણ નહિ કે કોઈ મુમુક્ષુ પ્રત્યે પણ નહિ, ધનની વાંછા નહિ રાખવી જોઈએ, કોઈ પણ પ્રકારે. *'કંઈ પણ પ્રકારે ધનાદિની વાંછા રાખવામાં આવે છે,...'* ધન આદિ, આદિમાં કોઈ વસ્તુ વગેરે. સીધા પૈસા નહિ, તો 'કોઈ મને આમ આપે તો ઠીક', 'મને આમ મળે તો ઠીક', 'આમ થાય તો ઠીક' એવું. *'તો જીવને દર્શનાવરણીય કર્મનો પ્રતિબંધ ઉત્પન્ન થાય છે. ઘણું કરીને જ્ઞાની તેવો પ્રતિબંધ કોઈને પોતા થકી ઉત્પન્ન ન થાય એમ વર્તે છે.'* જ્ઞાનીને વાત્સલ્ય હોય છે પણ સામા જીવને એવી ઈચ્છા રહ્યા કરે, એવા પ્રકારમાં ન આવે. બને ત્યાં સુધી સીધી રીતે ન કાર્ય કરે, આડકતરી રીતે કાર્ય કરે. કોઈને પોતાને વાત્સલ્ય ભાવ હોવો એ એક જુદી વાત છે. અને અપેક્ષા રાખવી, લેનારે અપેક્ષા રાખવી એ સાવ જુદી વાત છે. બન્નેનો ન્યાય ઊલટો-સૂલટો છે. અપેક્ષાવૃત્તિ છે એ દર્શનમોહ ઉત્પન્ન કરે છે. વાત્સલ્યભાવ તો વાત્સલ્યભાવ જેને હોય એને આવે એમાં કોઈ મોટી વાત નથી, એ વાત્સલ્યથી ગમે તેમ કરે. પોતાને અપેક્ષાવૃત્તિ નહિ હોવી જોઈએ. પોતાને નિષેધ આવવો જોઈએ અને અપેક્ષાવૃત્તિનો તો સર્વાંગ નિષેધ છે, એક આવા પ્રકારમાં નહિ બધા જ પ્રકારમાં.

આપણને કુટુંબમાં ક્લેશ થવાનું મુખ્ય કારણ અપેક્ષાવૃત્તિ હોય છે કેમકે આપણા જે કૌટુંબિક સંબંધો છે, એ સંબંધોને લઈને કેટલોક અધિકાર આપણે સમજી બેઠા હોઈએ છીએ, કે આટલો તો આપણો અધિકાર છે અને એ અધિકારને વશ, અધિકારબુદ્ધિને કારણે, અધિકારના અભિપ્રાયને કારણે અપેક્ષા ઉત્પન્ન થાય છે. એ અપેક્ષા જ્યારે સંતોષાય નહિ, એ અપેક્ષા પ્રમાણે સામો જીવ વર્તે નહિ, એટલે એમાંથી ક્લેશ અને આકુળતા ઉત્પન્ન થઈ આવે છે. ક્યાંય અપેક્ષા ન રાખવી, જો દુઃખી થવું ન હોય તો. અને જેટલી અપેક્ષા રાખશો એટલું દુઃખી થવાનું નક્કી વાત છે. માટે આપણે અપેક્ષા આપણા તરફથી નહિ રાખવી. આ એક સુખી થવા માટે ગાંઠ મારી લેવા જેવી વાત છે અને એથી અનુભવ એમ બોલે છે કે ક્યાંય દુઃખ થતું નથી. બાકી અપેક્ષા રાખે કે 'આને આમ કરવું જોઈએ, આની આ ફરજ છે, આને આમ કરવું

(અનુસંધાન પાના નં ૧૭ પર.. )


# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૫૨ : અંક-૩૪૫, વર્ષ-૨૮, સપ્ટેમ્બર-૨૦૨૬

કહાનરત્ન કિરણો !!

## - અધ્યાત્મ યુગસૃષ્ટા
## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



સદા અંતરંગમાં ઝળહળ જ્યોતિ પ્રકાશમાન અવિનશ્વર, સ્વતઃસિદ્ધ તથા પરમાર્થ સત્ પરમ પદાર્થ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. તેના અવલંબને ઈન્દ્રિયોનું જીતવું થાય તેને સંતો જિતેન્દ્રિય કહે છે. ૪૨૪.

*

જે નિર્મળભાવનો પિંડ છે એવા ચૈતન્યનો જેને મહિમા છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને તેને દયા-દાન આદિના રાગની ને તેના ફળની મહિમા હોતી નથી. જેને દયા-દાન આદિના રાગની ને તેના અનુકૂળ ફળની મહિમા છે તેને સુખનો સમૂહ, આનંદનો કંદ એવા આત્માની મહિમા નથી આવતી. જેને વ્યવહારરત્નત્રયના શુભ રાગની, દેવ-શાસ્ત્ર-ગુરુની અંદરમાં મહિમા વર્તે છે તેને, નિમિત્તનો જેમાં અભાવ, રાગનો જેમાં અભાવ એવા સ્વભાવભાવનો મહિમા નથી, તેથી પર્યાયમાં તેને આનંદ આવતો નથી. જેને શુભભાવથી માંડીને બહારમાં કંઈ પણ અધિકતા, આશ્ચર્યતા ને મહિમા (આવે) છે, તેને સમ્યગ્દર્શન થતું નથી. ૪૨૫.

*

હું જાણનાર દેખનાર જ્ઞાતા છું-એમ વારંવાર અંતર્મુખ અભ્યાસ કરવાથી જ્ઞાતાપણું પ્રગટ થાય છે ને ત્યારે વિકલ્પનું કર્તાપણું છૂટે છે. ૪૨૬.

*

ચૈતન્યમૂર્તિ મુક્તસ્વરૂપ છે. ચૈતન્યમૂર્તિ, અનંતગુણનું અરૂપી સ્વરૂપ, તે અંદરમાં મુક્તસ્વરૂપ છે. એ મુક્ત સ્વરૂપનું અંદર ધ્યાન કરવાથી પર્યાયમાં મુક્તસ્વરૂપ પ્રગટ થાય છે. બાહ્યથી મુક્તસ્વરૂપ પ્રગટ થતું નથી પણ અંદર જે પૂર્ણાનંદ સ્વરૂપ છે તેને દૃષ્ટિમાં લઈ તેનું ધ્યાન કરીને અંદરમાં સ્થિર થઈ જવાથી પર્યાયમાં મુક્તપણું પ્રગટ થાય છે. ધ્યાન કરતા તો આવડે જ છે ને! આર્ત્તધ્યાન

આદિ તો કરે જ છે ને? છોકરાના લગ્નનો આખો વરઘોડો નીકળી જાય છતાં વિચારમાં-ધ્યાનમાં-વિકલ્પમાં એવો મશગૂલ થઈ જાય કે ખબર ન પડે! તેમ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પ્રભુને ધ્યાનમાં લઈને ઠરી જા. ૪૨૭.

*

આત્મામાં અનંતા ગુણો ભર્યા છે ને એક એક ગુણમાં અનંતા ગુણોનું રૂપ છે ને એક એક ગુણમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. તારો સ્વદેશ ભગવાન અનંત ગુણોની અદ્ભુત ઋદ્ધિથી ભરેલો છે. તેમાં એકવાર નજર કર તો તને સંતોષ થશે, આનંદ થશે. પુણ્ય-પાપના પરિણામમાં નજર કરતાં દુઃખ વેદાય છે. ૪૨૮.

*

શુભરાગ થવો એ કાંઈ વિશેષ નથી. ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ ભાવ થયા જ કરે છે. અરે! નિગોદના જીવને કે જે અનાદિથી બહાર આવ્યો નથી ને અનંત કાળે પણ બહાર આવશે નહિ એવા નિગોદના જીવને પણ ક્ષણે શુભ ને ક્ષણે અશુભ રાગ આવ્યા કરે છે. એ કાંઈ વિશેષ વાત નથી. ધર્મીને જ્ઞાનધારા ક્ષણે ક્ષણે ચાલ્યા કરે છે. એ જ્ઞાનધારા ચાલવી એ જ વિશેષ વાત છે. એ જ્ઞાનધારાથી જ સંસાર ભ્રમણ છૂટે છે. ૪૨૯.

*

પ્રશ્ન :- અગિયાર અંગ ને નવ પૂર્વના જ્ઞાનવાળો પંચ મહાવ્રતોનું પાલન કરે છતાં આત્માનું જ્ઞાન કરવામાં તેને શું બાકી રહી ગયું?

ઉત્તર :- અગિયાર અંગનું જ્ઞાન ને પંચ મહાવ્રતનું પાલન કરવા છતાં એને ભગવાન આત્માનું અખંડ જ્ઞાન કરવું બાકી રહી ગયું. ખંડ-ખંડ ઇન્દ્રિયજ્ઞાન-અગિયાર અંગનું કર્યું હતું તે ખંડખંડ જ્ઞાન પરવશ હોવાથી દુઃખનું કારણ હતું. અખંડ આત્માનું જ્ઞાન કર્યા વિનાનું અગિયાર અંગનું જ્ઞાન નાશ પામતા કાળક્રમે નિગોદમાં પણ તે જીવ ચાલ્યો જાય છે. અખંડ આત્માનું જ્ઞાન કરવું તે જ મૂળ વસ્તુ છે. એના વિના ભવભ્રમણનો અંત નથી. ૪૩૦.

*

પ્રશ્ન :- નિશ્ચય (શુદ્ધ પરિણમન) સાથેનો ઉચિત રાગ (ભૂમિકા અનુસારનો રાગ) હોય તેને ક્રોધ કહેવાય?

ઉત્તર :- નહિ, અહીં સમયસાર ગાથા ૬૯-૭૦-૭૧ માં જેને આત્મસ્વભાવની રુચિ નથી, અનાદર છે તેના રાગભાવને ક્રોધ કહ્યો છે એટલે કે મિથ્યાત્વ સહિતના રાગાદિ ભાવને ક્રોધ કહ્યો છે. જ્ઞાનીના અસ્થિરતાના રાગનું તો જ્ઞાનીને જ્ઞાન થાય છે. જ્ઞાનના પરિણમનવાળા જ્ઞાનીને આનંદરૂપ આત્મા રુચે છે. આત્મા માલૂમ પડે છે. તેથી તેને રાગની રુચિરૂપ ક્રોધ હોતો જ નથી. તેથી ક્રોધ માલૂમ પડતો નથી. અજ્ઞાનીને દુઃખરૂપ ભાવ-રાગભાવ રુચે છે. આનંદરૂપ ભાવ રુચતો નથી. તેથી તેને ક્રોધાદિ જ માલૂમ પડે છે. આત્મા માલૂમ પડતો નથી. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેની રુચિ નથી અને પુણ્યના પરિણામની રુચિ છે. તેને આત્માનો અનાદર છે, તેથી તેને સ્વરૂપ પ્રત્યે ક્રોધી કહે છે. ૪૩૧.

*

પ્રશ્ન :- આત્મા પરોક્ષ છે તો કેમ જણાય?

ઉત્તર :- આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય અંતર્મુખ થાય તો આત્મા પ્રત્યક્ષ છે તેમ જણાય

છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી–પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે. એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે. ૪૩૨.

*

ચલો સખી વહાં જઈએ,
જહાં અપના નહિ કોઈ,
શરીર ભખે જનાવરા,
મુવા રોવે ન કોઈ.

આહાહા! સંગથી ચાલ્યો જા! સંગમાં રોકાવા જેવું નથી. ગિરિગુફામાં એકલો ચાલ્યો જા! આ મારગ એકલાનો છે. સ્વભાવના સંગમાં પડ્યો એને શાસ્ત્રસંગ પણ ગોઠતો નથી. આહાહા! અંદરની વાતો બહુ ઝીણી છે ભાઈ! શું કહીએ. ૪૩૩.

*

ખરેખર તો આત્મા રાગને ત્યાગે છે એમ કહેવું એ પણ નામમાત્ર છે. કેમકે રાગાદિને પરભાવરૂપ જાણીને, જ્ઞાનમાં સ્થિર થતાં રાગાદિ ઉત્પન્ન થતાં જ નથી. જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે ત્યારે રાગાદિ ઉત્પન્ન થતા જ નથી. તેથી સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે. ૪૩૪.

*

આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એમ જ્ઞાનમાં આવ્યું છે એવો જ્ઞાની જીવ જીવનમાં સ્થિર થઈ જાય છે. એ પ્રત્યાખ્યાન છે. જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થયું ત્યાં આનંદની વિશેષ ધારા વહી એ જ પ્રત્યાખ્યાન છે. પોતાના જ્ઞાનમાં રાગના અભાવરૂપ અવસ્થા અર્થાત્ આનંદની ઉગ્ર અવસ્થા પ્રત્યાખ્યાન છે. ૪૩૫.

*

ખરેખર ત્યાગ કોને કહે?–અતીન્દ્રિય આનંદના નાથની દૃષ્ટિ તો થઈ છે ને રાગરૂપે નહીં થનારો મારો જે દ્રવ્યસ્વભાવ છે તે રાગરૂપે થતો નથી એમ દ્રવ્યસ્વભાવમાં ઠરે છે ત્યારે રાગનું પરિણમન છૂટી જાય છે એ રાગનો ત્યાગ છે. ખરેખર તો રાગનો ત્યાગ કરે છે એમ કહેવું એ પણ આત્મામાં નામ માત્ર છે. કેમકે રાગરૂપે થયો નહીં ને આનંદરૂપે પરિણમતા, આત્મામાં સ્થિર થતાં રાગ ઉત્પન્ન ન થયો તેથી રાગનો ત્યાગ કરે છે એમ કથનમાત્ર છે. ૪૩૬.

*

હે ભવ્ય! ''રાગ એ મારું કાર્ય છે. રાગ તે હું છું''– એવો અકાર્ય કોલાહલ છોડી દે. શુભરાગ છે એ પણ તારું કાર્ય નથી. રાગ એ તારું અકાર્ય છે. દયા–દાન–વ્રત–તપ–ભક્તિનો રાગ હો કે ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ–રાગ હો પણ એ નકામો કોલાહલ છે. એ કોલાહલથી તને શો લાભ છે પ્રભુ! એ કોલાહલથી તું વિરક્ત થા. પુણ્યના પરિણામના કાર્યથી તું છૂટો થા. ૪૩૭.

*

પરિણામને પરિણામ વડે દેખ એમ નહીં પણ પરિણામ વડે ધ્રુવને દેખ. પર્યાયથી પરને તો ન દેખ, પર્યાયને પણ ન દેખ, પણ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પર્યાયથી દેખ. તેને તું જો. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. છ મહિના આવો અભ્યાસ કર. અંતર્મુખતત્ત્વને અંતર્મુખના પરિણામ વડે દેખ. અંતરમાં પ્રભુ પરમેશ્વર પોતે બિરાજે છે તેને એકવાર છ માસ તો તપાસ કે આ શું છે? બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ

અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદશ પ્રભુ છે તેને છ માસ તપાસ. ૪૩૮.

*

અહીં છ-માસનો અભ્યાસ કહ્યો તેથી એટલો જ વખત લાગે તેમ ન સમજવું. ખરેખર તો એક સમયમાં પ્રાપ્ત થાય છે પણ ઉપયોગ અસંખ્ય સમયનો હોવાથી અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થાય છે પરંતુ શિષ્યને કઠિન લાગતું હોય તો કહે છે કે છ-માસથી વધુ કાળ નહીં લાગે માટે જ્ઞાયક ભગવાનની લગની લગાવ. ૪૩૯.

*

પરથી વિરક્તતા અને વિભાવની તુચ્છતા આવ્યા વિના અંદર આવી શકે નહીં. સ્ત્રી, પુત્ર, પૈસા આદિથી અમે વધ્યા છીએ એમ માને તે મૂઢ છે. જેને પરદ્રવ્યની વિરક્તતા લાગે નહીં, રાગાદિ વિભાવની તુચ્છતા લાગે નહીં ને અંદર તાલાવેલી અર્થાત્ ઉત્કંઠા જાગે નહીં તે અંદર ક્યાંથી જઈ શકે? ૪૪૦.

*

દેહની સ્થિતિ પણ મર્યાદિત છે, કર્મની સ્થિતિ પણ મર્યાદિત છે ને વિકારની સ્થિતિ પણ મર્યાદિત છે. પોતાની પર્યાયમાં જે કાર્ય થાય છે એ પણ મર્યાદિત છે. અંદરમાં એટલે કે સ્વભાવમાં મર્યાદા ન હોય. પ્રભુ! વસ્તુસ્વભાવ, જ્ઞાનસ્વભાવ આદિ ત્રિકાળી સ્વભાવની મર્યાદા ન હોય. ધર્મીની દૃષ્ટિ એ અમર્યાદિત સ્વભાવ ઉપર હોય છે. બહારના કાર્યમાં ધર્મી દેખાય પણ એ તો અમર્યાદિત સ્વભાવમાં ઝૂલે છે. ત્યાં તેની દૃષ્ટિ ચોંટી ગઈ હોય છે. ૪૪૧.

*

પોતાની ચીજ અખંડ આનંદકંદ ચૈતન્ય છે તેની જેને ખબર નથી તે બધા ચાલતા મડદા છે. પછી ભલે તે કરોડોપતિ કે મોટો રાજા હોય, પણ પોતાની ચૈતન્યલક્ષ્મીનું ભાન નથી તે બધા ચાલતાં મડદા છે. દુનિયાના ડાહ્યા થઈને પાંચ પચ્ચીસ લાખ કમાતા હોય કે લૌકિક બુદ્ધિના ખાં થઈને ફરતા હોય પણ તે પોતાની પ્રભુતાના ભાન વિના, પોતાની મહાનતાના ભાન વિના, નરકાદિના અનંત અનંત દુ:ખોને ભોગવવાના, કે જે દુ:ખોનું વર્ણન કરોડો જીભ વડે કરોડો ભવ સુધી કહે તો પણ કહી શકાય નહિ એવા અનંત દુ:ખોને પોતાના પ્રભુના ભાન વિના ભોગવવા પડશે. ૪૪૨.

*

જેને આત્મા પોષાય છે તેનાથી આત્મા ગુપ્ત રહેતો નથી. પૂરણ સ્વરૂપ ભગવાન આત્મા જેને રુચિમાં પોષાય છે અને બીજું પોષાતું નથી તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. ૪૪૩.

*

શુભરાગ પણ જેને પોષાતો નથી ને આત્મા પોષાય છે તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. ૪૪૪.

*

પ્રશ્ન :- ધ્રુવમાં એકાગ્રતા કરવા ધ્રુવને ક્યાં શોધવો?

ઉત્તર :- એ પોતે જ ધ્રુવસ્વરૂપ વસ્તુ છે. વસ્તુ છે જ એને ક્યાં શોધવા જવું છે? એક સમયની પર્યાય છે એ કોના આધારે છે? વસ્તુ છે, છે ને છે. એક સમયની પર્યાયમાં પહેલાં ધ્રુવ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. સર્વજ્ઞે જેના

ગુણગાન કર્યા છે એવી અનંત અપાર અપાર મહિમાવાળી ચીજ આત્મા છે કોણ?- કે જેના સામર્થ્યનો પાર નથી, જેની આશ્ચર્યતાનો, અદ્ભુતતાનો પાર નથી, જેની શક્તિઓનો પાર નથી એવી મહિમાવાળી વસ્તુનો જ્ઞાન પર્યાયમાં નિર્ણય કરતાં એ ધ્રુવ વસ્તુનો મહિમા આવે છે. એ મહિમા આવતાં આવતાં જેવું સ્વરૂપ છે એવો મહિમા આવતાં પર્યાય ધ્રુવમાં ઢળી જાય છે. આહાહા! અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ છે. એના દરેક ગુણો મુક્ત સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે. એનું જ્ઞાન થઈને પ્રતીત થઈ એટલે બસ! ખલાસ થઈ ગયું! મુક્તિ પ્રતીતમાં આવી એટલે હાથમાં આવી ગઈ. ૪૪૫.

*

પ્રશ્ન :- આત્માનો સાક્ષાત્કાર કરવો છે પણ કેમ કરવો? તે પુરુષાર્થ ઉપડતો નથી.

ઉત્તર :- ચૈતન્યસ્વભાવનો મહિમા કોઈ અચિંત્ય છે એમ અંદરથી મહિમા આવે તો સ્વ તરફ પુરુષાર્થ ઉપડે. ખરેખર તો જે પર્યાય પરલક્ષી છે તેને સ્વલક્ષી કરવી એમાં મહાન પુરુષાર્થ છે. ભાષા ભલે ટૂંકી કરી નાખી કે દ્રવ્ય તરફ વળ, ધ્રુવ તરફ વળ–એમ ભાષા સહેલી ને ટૂંકી કરી પણ તેમાં પુરુષાર્થ મહાન છે. ભલે શાસ્ત્રજ્ઞાન કરે, ધારણાજ્ઞાન કરી લે પણ પર્યાયને સ્વલક્ષમાં વાળવી એ પુરુષાર્થ અનંત છે, મહાન અપૂર્વ પુરુષાર્થ છે. ૪૪૬.

*

જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ સ્થાપ ને! પર્યાય ઉપર શું કામ જોર દે છો? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ, એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને! ૪૪૭.

*

સમ્યગ્દૃષ્ટિ, જીવ–અજીવ–આસ્ત્રવ–બંધ આદિના સ્વાંગોને જોનારા છે. રાગાદિ આસ્રવ બંધના પરિણામ આવે પણ સમ્યગ્દૃષ્ટિ તે સ્વાંગોના જોનારા જ્ઞાતા–દૃષ્ટા છે, તે સ્વાંગોના કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ એ સ્વાંગોને કર્મકૃત જાણી શાંતરસમાં જ મગ્ન રહે છે. શુભાશુભભાવો આવે છે. પણ સમ્યગ્દૃષ્ટિ તેને કર્મકૃત સ્વાંગો જાણી તેમાં મગ્ન થતાં નથી. મિથ્યાદૃષ્ટિ જીવો જીવ–અજીવનો ભેદ જાણતાં નથી, તેથી તે કર્મકૃત સ્વાંગોને જ સાચા (પોતારૂપ) જાણીને તેમાં મગ્ન થઈ જાય છે. રાગાદિ ભાવો કર્મકૃત ભાવો હોવા છતાં તેને પોતાના ભાવો જાણી તેમાં લીન થઈ જાય છે. તેવા અજ્ઞાની જીવોને ધર્મીજીવો આત્માનું યથાર્થ સ્વરૂપ બતાવી, તેનો ભ્રમ મટાડી, ભેદજ્ઞાન કરાવીને શાંતરસમાં લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ૪૪૮.

*

આત્માને જાણવા માટે પરિણામને સૂક્ષ્મ કર, સ્થૂલ પરિણામથી દ્રવ્ય જાણવામાં આવતું નથી. અજ્ઞાનીને અગિયાર અંગનું જ્ઞાન થઈ જાય છે તોપણ તેનો ઉપયોગ સૂક્ષ્મ નથી, સ્થૂલ છે. આત્મા સ્થૂલ પરિણામોથી જાણવામાં આવતો નથી. સૂક્ષ્મ એવા આત્માને જાણવા માટે ઉપયોગને સૂક્ષ્મ કરવો પડે છે. ૪૪૯.

*

# લૌકિકભાવની ભયંકરતા!!

## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૨૮ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત. પત્રાંક - ૫૨૮. પાનું - ૪૨૩. આ પત્રમાં જીવના લૌકિકભાવનો નિષેધ કર્યો છે. જીવને જે લૌકિકભાવ રહે છે, લોકદૃષ્ટિ રહે છે તેથી લોકચેષ્ટા કરે છે. ચેષ્ટા કરે છે એટલે પોતાનો દેખાવ સારો કરવાનો પ્રયાસ થઈ જાય છે. એ આત્મહિતનો ઘાતક (ભાવ) છે. આત્માને આગળ વધવામાં બહુ મોટો અવરોધ છે. એ દોષની પહોંચ ક્યાં સુધી છે? કે એ દોષ સત્સંગમાં પણ ઊભો થાય છે. એની વાત કરે છે.

*''આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી,...''* શું કહે છે? કે સત્સંગ તો એક એવું બળવાન સાધન છે કે એનાથી આત્મહિત થાય, અવશ્ય થાય. જો યથાર્થપણે ઉપાસવામાં આવે તો (અવશ્ય આત્મહિત થાય). *''છતાં તે સત્સંગ પણ,..''* એટલે તે સાધન પણ. *''જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે,...''* (સત્સંગમાં) પણ લૌકિકભાવ આવી જાય. એટલે એમાં પણ પોતાની ઈજ્જત, પોતાનો દેખાવ, પોતાનું સ્થાન, માન, એ પ્રકાર અંદરમાં રહેતો હોય તો એ સત્સંગ પણ નિષ્ફળ જાય છે.

*''અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય,...''* એટલે કે થોડો-ઘણો ફાયદો થયો હોય, *''તો પણ વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઈ જતાં વાર લાગતી નથી;...''* (અર્થાત્) એ ફાયદો પણ ચાલ્યો જાય. એટલે કે સત્સંગને લઈને થોડી યોગ્યતા આવી હોય તો એ યોગ્યતા ચાલી જાય. ક્યા કારણથી (ચાલી જાય)? (કે) લોકાવેશના કારણથી (ચાલી જાય).

મુમુક્ષુ :- લોકાવેશમાં શું લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- લોકાવેશ એટલે લોકોની અંદર અથવા જે **circle** હોય, **group** હોય - માનો કે આપણે અહીંયા ૨૫-૩૦ જણા ભેગા થઈએ છીએ - એની અંદર, કે આપણા ઓળખીતામાં કાંઈ આપણી છાપ હોય (તો) એની અંદર, આપણો દેખાવ બરાબર હોવો જોઈએ, થવો જોઈએ, રહેવો જોઈએ. એ પ્રકારનો જે પ્રયાસ છે એ લોકાવેશ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! માનો કે એક ઘરમાં બીજા મુમુક્ષુ સાથે રહેતા હોઈએ, સામેવાળો મુમુક્ષુ દોષ કરતો હોય અને મને એ દોષ દેખાતા હોય. હવે એમાં મારું પણ પરલક્ષ થાય છે અને પરિણામ બગડે છે, તો હવે મારે નિર્દોષ થાવું છે એટલે

જાહેરમાં એ પરિણામ સંબંધિત તમને કાંઈ પૂછવું છે, પરંતુ પૂછવા માટે મારા પરિણામ ચાલતા નથી – તો એ લૌકિકભાવમાં આવશે?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તપાસવું જોઈએ કે શું કારણથી (પૂછવા માટેના પરિણામ) નથી ચાલતા? પ્રતિબંધને કારણે નથી ચાલતા કે લૌકિકભાવથી નથી ચાલતા? એમ પોતાના પરિણામની પાછળનો અભિપ્રાય પકડવો જોઈએ.

મુમુક્ષુ :- મારે પૂર્ણ નિર્દોષ થાવું છે, એવા નિર્ણયની ઢીલાશ હોવાને કારણે નથી બોલાતુ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે, મારે નિર્દોષ થવું છે – એવું એ (પરિણામમાં) બળ નથી.

મુમુક્ષુ :- કેમકે (પ્રસંગ કહેવા) જતાં એનું નામ આવે કે એનાથી મારે આવા પરિણામ થાય છે. હવે, મારે પૂર્ણ નિર્દોષ થવું છે પણ હું મારા પરિણામ જાહેર નથી કરતો તો એનો મતલબ એમ છે કે મારે જ પૂર્ણ નિર્દોષ નથી થવું?

પૂજ્ય ભાઈશ્રી :- (જે) અચકાટ છે – એ અચકાટનું કંઈ ને કંઈ કારણ પોતામાં (ચાલે) છે. ત્યારે જ (આવું થાય ને)? તો (નિર્દોષ થવાના નિર્ણયનું) બળ આવે તો અચકાટ ન રહે. બળ આવે તો અચકાટ ન રહે.

મુમુક્ષુ :- (બળ આવે) પછી મને ભય ન રહે કે એને શું લાગશે? એને જે થાવું હોય તે થાય – મારે નિર્દોષ થાવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- કદાચ એને કંઈ થાય, માનો કે સંભવ છે કે એને એ ન ગમ્યું કે, તમારે નિર્દોષ થવા માટે મારી વાત પણ તમે વચ્ચે લઈ આવ્યા અને મારી વાતો ખુલ્લી કરી જે હું ઈચ્છતો નથી, એમ એને દુઃખ લાગવાનો સંભવ ખરો, ખરાબ લાગવાનો સંભવ ખરો. તો (આપણે) માફી માગવી જોઈએ કે, મારા નિર્દોષ (થવાના) એક પ્રયાસરૂપે આ પ્રવૃત્તિ કરી છે. તમારા પરિણામ કે તમારા દોષ ખુલ્લા કરવા માટે આ પ્રવૃત્તિ કરવાનો મારો હેતુ નથી. એવું હું શુદ્ધ અંતઃકરણથી જણાવું છું. અને એવું શુદ્ધ અંતઃકરણ હોવું પણ જોઈએ. છતાં પણ તમને એ વાતનું દુઃખ પહોંચ્યું અને મારા નિમિત્તે પહોંચ્યું તો હું ક્ષમા માગુ છું. એમ માફી માગી લેવી. બન્ને વાત છે.

મુમુક્ષુ :- પણ કહેવું તો ખરું જ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કંઈ વાંધો નહીં. પોતાને નિર્દોષ થવાનો પ્રયત્ન કરવામાં વાંધો નથી. એ પ્રયત્ન કરવામાં વાંધો નથી. માનો કે કુટુંબના સભ્ય છે, અને એમ લાગે કે આમને સવળુ નહીં પડે – અવળુ પડશે અને નુકસાન થશે, (કેમકે) અવળુ પડતા એના પરિણામમાં તો નુકસાન થવાનું જ છે. તો એક વખત અંદર–અંદર ચર્ચા કરી લેવી કે, મને આ નુકસાન થાય છે અને આપણો સાથે રહેવાનો જે આ યોગ છે એના કારણે આ બધું અનિવાર્યપણે નુકસાન થાય છે. (આમાં) તમારું પણ નુકસાન છે અને મારું પણ નુકસાન છે. મારે આ નુકસાનથી બચવું છે. (તો) કેમ કરશું? (બધાંની વચ્ચે કહેવા જતાં) તમારી (વાત) વચ્ચે આવી જશે એનું કેમ કરવું? બોલો! તમારી કેટલી તૈયારી છે, તે જોઈ જુઓ! એમ થોડી નિખાલસપણે ચર્ચા પણ કરવી. એમાં પછી (સામેવાળા) એમ કહે કે, 'તમે તમારો નિર્દોષ થવાનો બીજો રસ્તો પકડો. મને વચ્ચે નહીં લાવો.' તો એનો બીજો (પણ) રસ્તો છે. નથી, એવું કંઈ નથી. પોતાનું પરલક્ષ મટાડવા માટે બીજો રસ્તો પણ છે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! એનો બીજો રસ્તો શું છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો બીજો રસ્તો એ છે કે, તારો દોષ તારે કારણે છે – એના દોષને કારણે તો તારો દોષ નથી. (એમ) અહીંથી (પોતાની વાતને) લે ને! તારો દોષ કોના કારણે છે? પોતાના કારણે છે. (સામેવાળો) તો દોષ થવામાં ઉદયરૂપ નિમિત્ત છે. તારો દોષ તારે મટાડવો છે તો (તારા) સ્વલક્ષપૂર્વક તારું પરલક્ષ મટાડ. તું સ્વલક્ષમાં રહે ને! હવે, આમા ઈરાદો તો આપણે આપણા દોષ મટાડવાનો એક જ છે ને! આપણો બીજો તો કોઈ ઈરાદો નથી. આપણે આપણો દોષ મટાડવો છે. આપણો દોષ મટાડવા માટે આપણો જે પ્રકારનો દોષ હોય, એનાથી ઊલટી બાજુ જાવું પડે. જેમકે આ પરલક્ષનો દોષ છે તો સ્વલક્ષમાં જાવું પડે. અસરળતા થતી હોય તો સરળતામાં જાવું પડે. માન ચઢતું હોય તો નમ્રતામાં જાવું પડે. એમ એના પ્રતિપક્ષમાં ભાવો છે (એમાં જાવું પડે). એમ આ પરલક્ષ છે એટલે સ્વલક્ષમાં આવવું રહ્યું. તીવ્રપણે સ્વલક્ષમાં રહેવું રહ્યું.

(સામેવાળી વ્યક્તિએ) તો (એમ જ કહેવું) કે તમારે જાહેરમાં કહેવું, મને સરખી રીતે કહેવું. અને તારા જેવો કોઈ ઉપકારી નથી, એમ લેવું. એને ઉપકારી માનવો. સાચી મુમુક્ષુતા તો આ છે. એકદમ ઉપકારી માનવો જોઈએ. સાચી વાત તો એ છે કે, જેમકે પતિ-પત્નીનો અંગત સંબંધ હોય, હવે જો તમે સામેવાળાનો દોષ ન કહો તો ખરેખર તમે એના દુશ્મન છો. કોણ છો? દુશ્મન છો! શાસ્ત્રમાં આવો ન્યાય આવે છે. અંગત સંબંધનો અર્થ શું છે? હિતેચ્છુ (છે). તમે એનું હિત વાંછો છો – અહિત વાંછો (ખરા)? (જો અહિત વાંછો) તો તમારો અંગત સંબંધ ગણાતો નથી. (એ સંબંધ) ખરો ક્યારે? કે (સામેવાળો) દોષ બતાવે ત્યારે. અને દોષ દેખાય જતાં દોષ (કહેવાનું) છુપાવે તો એ ખરેખર દુશ્મન છે અને કહે તો એ મિત્ર છે. આમ છે. આવો ન્યાય છે. એટલે અંદરો-અંદરની એકબીજાની સમજણ એવી હોવી જોઈએ કે, તમે મને કહેજો જ! તમે મને નહીં કહો તો એ વસ્તુ તમારા માટે બરાબર નથી. એમ કહી રાખવું જોઈએ અને જરા પણ ખોટું નહીં લગાડવું જોઈએ. ખાસ કરીને બે વચ્ચે ઝઘડો ચાલતો હોય એ વખતે (સામેવાળો) સાચા-ખોટા બધાં આરોપ કરે. કેમકે સામેવાળો ગુસ્સામાં છે. એટલે સાચો આરોપ પણ કરશે અને ખોટો પણ કરશે. ત્યારે આપણી ખરી પરીક્ષા છે. ત્યારે આપણે એમ લેવાનું છે કે, અત્યારે તો એ જે કહે એ સાંભળી લેવું છે અને એના ઉપર વિચાર કરવો છે. ખોટો આરોપ હોય તો, કાંઈ વાંધો નહીં. એનું નુકસાન એની પાસે છે. પણ સાચો (આરોપ) હોય તો મારે સુધારવો છે. એટલી ધીરજ કેળવવી એ બહુ મોટી વાત છે. જો એટલી ધીરજ કેળવાય તો તરી ગયા! પ્રયાસ કરજો. અઘરી વાત છે (એટલી) સહેલી વાત નથી. એ વાત જરા અઘરી છે. કેમકે એ વખતે ઉદય સામે આવ્યો છે. જીવ ઉદયમાં જ નુકસાન કરે છે. ઉદયમાં જ અટકે છે અને પછાડ પણ ત્યાં જ ખાય છે. એ વખતે જો જીતી ગયો તો હમેંશને માટે જીતી ગયો. નહીંતર (જો) પડ્યો તો પાછો ઊભો થાશે, પાછો ઊભો થવાનો પ્રયત્ન કરશે, વળી પડશે, વળી ઊભો થવાનો. આ બધું ચાલ્યા

કરશે. એટલે જ્યારે કોઈ દોષ કહે અને એમાં પણ કુટુંબના સભ્ય (જ્યારે) દોષ કહે ત્યારે તો એને ઉપકારી જ માનવો. એ જાતની ગાંઠ જ મારી લેવી જોઈએ. એ તો ઉપકારી જ છે. એમાં બીજો વિકલ્પ કરવા જેવો નથી, કે બીજું ખરાબ લગાડવા જેવું નથી. એવી ગાંઠ મારવી જોઈએ.

(અહીંયા આપણે ચાલતા વિષયમાં) સત્સંગમાં (રહીને) યોગ્યતા આવી હોય તો લૌકિકભાવને લઈને એ યોગ્યતા નાશ પામી જાય છે. એ નાશ પામવામાં વાર લાગતી નથી. બહુ જલ્દી નાશ પામી જાય છે. એવો આ મોટો દોષ છે.

*'અને સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને?'* એમ કહે છે. (સત્સંગ ફળવાન) ન જ બને, એમ કહે છે. સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહમાં એટલે પોતાના સંયોગોમાં પોતાપણું કરવું છે અને એ અભિપ્રાયમાંથી છૂટવું નથી (તો સત્સંગ ફળવાન કેવી રીતે બને)? પોતાપણાના અભિપ્રાયની (વાત છે). પોતાપણાનો ભાવ થવો એક વાત છે (અને) અભિપ્રાયપૂર્વક થવો બીજી વાત છે. અહીંયા મુખ્ય અભિપ્રાયનો વિષય લીધો છે. કેમકે મુમુક્ષુની ભૂમિકાનો વિષય ચાલે છે. *'જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને?'* (કહે છે કે) ન જ બને.

મુમુક્ષુ :– ભાઈશ્રી! પોતાપણાનો ભાવ છોડવો અને પોતાપણાનો અભિપ્રાય છોડવો, એ બેમાં શું કહેવું છે?

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે, અભિપ્રાય વિરુદ્ધ પણ ભાવ થાય અને અભિપ્રાય સહિત પણ ભાવ થાય. (એમ) બે પ્રકારે ભાવ થાય. અભિપ્રાય વિરુદ્ધ થાય એટલે તરત જ અંદરમાં ઠેસ લાગે, ખબર પડે અને ખૂબ ખેદ થાય કે, હજી આ જીવને કેમ આમ થાય છે?

૫૧૦ પત્રના બીજા પેરેગ્રાફમાં છેલ્લે છે કે, *'અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો,...'* (અર્થાત્) પોતાના પુત્રને, પુત્રપણે ગણાવો. *'કે ગણાવવાનું ચિત્ત રહેવું,...'* (ચિત્ત) એટલે અભિપ્રાય રહેવો. *'એ સૌ જીવની મૂઢતા છે, અને તે મૂઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઈચ્છાવાળા જીવને ઘટતી નથી.'* તમે સત્સંગને આત્મકલ્યાણના હેતુથી ઈચ્છતા હો, ચાહતા હો અને આ મૂઢતા પણ રાખવી હોય, તો એ વાત ઘટતી નથી. બીજી ભાષામાં એમ કહેવાય કે, સત્સંગ એક એવો વર્ગ છે, સત્સંગમાં બેસવું એટલે એક વર્ગમાં બેસવું (એવો અર્થ છે). આપણે નથી કહેતા? કે (ભાઈને) મેટ્રિકમાં બેસવાનું છે, કોલેજમાં બેસવાનું છે. (વર્ગ એટલે) કલાસ. આ એક વર્ગ એવો છે કે, જો તમારે આ વર્ગમાં બેસવું હોય તો તમારે (કુટુંબમાં) પોતાપણું મટાડીને બેસવું. નહીંતર તમને પ્રવેશ આપવામાં નહીં આવે. **No permission** – આ અમારી ફી છે. આપણે કહીએ છીએ ને કે, તમારે આ વર્ગમાં બેસવું હોય તો આટલી ફી આપવી પડશે અને આટલું તમારું ભણતર હોવું જોઈશે. તમારે ૧૧માં (ધોરણમાં) બેસવું હોય તો ૧૦મી પાસ કરેલી હોવી જોઈશે. અને ૧૧મીની ફી ભરવી પડશે. બે શરત મૂકે ત્યારે તમને ૧૧મી માં બેસવા દે ને? નહીંતર

બેસવા દે? કે ન બેસવા દે. એમ તમારે સત્સંગમાં બેસવું હોય તો પોતાપણું મૂકીને આવવું છે? કુટુંબ-પરિવાર અને આરંભ, પરિગ્રહ બે જ વાત છે, એમાં લાંબી વાત ક્યાં છે? આમ તો સત્સંગમાં બેસવાની કોઈ ફી તો લેતા નથી. અહીંયા ગમે તે માણસ, ગમે ત્યારે આવીને બેસી જાય, કોઈ ના પાડે છે? કે તમારે ફી દેવી પડશે. બહાર ટિકિટ બારીએથી ટિકિટ લઈ આવો (એવું કોઈ નથી કહેતું). સાવ મફતમાં જ બેસવા મળવાનું છે. (અહીંયા કહે છે) આ ફી છે. (તમારે) તમારી આખી દુનિયા મૂકવી પડે, એ ફી છે. એક બાજુથી કંઈ ફી નથી અને એક બાજુથી પૂરેપૂરી ફી છે. કેમકે (અહીંયા) બેઠા પછી **hammering** થાશે, હથોડા વાગશે કે આજે ક્યાં પોતાપણું કરીને આવ્યા? છોકરાની તબિયત બગડી એમાં? પત્નીની તબિયત બગડી એમાં? હિસાબ આપો! શેમાં તમને (પોતાપણું) થયું? શેમાં જીવ ઊંચો થઈ ગયો? કેમ ઊંચો થઈ ગયો? પાડોશીને ત્યાં (કોઈ) માંદુ પડે ત્યારે કેમ કાંઈ થતું નથી? એટલે એમ ફી મોટી પણ છે. એ બધું સર્વસ્વ માન્યું છે. શું કર્યુ છે? આ જીવે એ બધાં ઉદયને સર્વસ્વ માન્યો છે. અહીંયા સર્વસ્વ મૂકવાનો વારો આવે છે. અને એનો લાભ પણ બહુ મોટો છે. એનો લાભ પણ બહુ મોટો છે! એટલે આપણે એમ લેવું કે, આ ફી ચૂકવવાની છે, આ ફી દઈને બેસવાનું છે. એનો અર્થ એમ છે કે, મફતીયા ઘૂસી જવાનું નથી. નાના છોકરાઓ હોય ને એ નાટક-સિનેમામાં એમ ને એમ ઘૂસી જાય. સરકસમાં તો તંબુ હોય એટલે પડદો ઊંચો કરીને ઘૂસી જાય ને! આ બધું અમે કરેલું છે હોં!

રાણપુરમાં અમારે સરકસ આવતું હતું. એ જમાનામાં **China** નું (સરકસ) આવતુ હતું. **Chinese** લોકો બહુ (હોંશિયાર હોય છે). ભારતના સરકસના ખેલાડીઓ એવા ન હોય. શરીર પણ એ લોકોના એવા હોય અને રબ્બરની જેમ શરીર વળતા હોય! એ જમાનામાં ઘરેથી વાપરવા માટે પૈસા તો કંઈ મળતા ન હોય. પછી ક્યાંથી, કેવી રીતે ઘૂસી જવું, એ ગોતતા હોઈએ અને એમાં લાગ મળે તો ઘૂસી પણ જઈએ. નહીંતર અડધી કલાક, કલાક મહેનત કર્યા પછી એમ લાગે કે (હવે) ડંડો પડી જશે તો પાછા (ઘર ભેગા)! મારની બીકે ન ઘૂસીએ અને પોલ મળે તો ઘૂસી જવાનું! કોઈવાર એવું કર્યુ હશે પણ ખરું! સ્પષ્ટ યાદ નથી. પણ પરિણામ તો એવા જ હતા. એવા પરિણામ થતા હતા. એમ અહીંયા સત્સંગમાં ઘૂસી જવાનું નથી. મફતીયા ઘૂસી જવાનું નથી. ફી ચૂકવવાની છે. એમ આપણે પોતા માટે વિચારવું કે, આ ફી આપણે ચૂકવવાની છે.

સત્સંગને પણ ઈચ્છવો અને પોતાપણું પણ કરવું, એ બરાબર નથી. એ બરાબર થતું નથી. સત્સંગને નિષ્ફળ થવાનું બનશે અને જે બહુ મોટો લાભ થવાનો છે એ લાભથી વંચિત રહેવું પડશે. આ જીવે (અત્યારે સુધી) એવું જ કર્યું છે. સત્સંગ તો ઘણી વાર કર્યો છે પણ પોતાપણું મૂક્યું નથી. પોતાપણું મૂકવું જોઈએ - એ (વાત) પર ધ્યાન હોવું જોઈએ તેને બદલે ઉલ્ટાનો પ્રતિબંધ દઢ કરેલો હોય છે. અને એ કંઈ પછી ભાન રહે નહીં. શું પરિસ્થિતિ થાય છે!


*

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે... )

વર્તમાનમાં આયુ અલ્પ છે, આયુના સદ્‌ભાવમાં પણ શરીર પ્રાયઃ અશાતા ભોગવવાનું જ સાધન બને છે; ગમે તેટલી શરીરની સાવધાની / માવજત કરવાં છતાં પણ રોગાદિ ઉપદ્રવ થયા જ કરે છે; અને પૂર્વકર્મ પ્રમાણે તે હોય છે, વર્તમાન પ્રયત્નથી, તેનાથી (પૂર્વકર્મથી) બચી શકાતું નથી. એવી સ્થિતિમાં કાયાને મોક્ષમાર્ગમાં ખપાવી દેતાં (કાયાથી ઉપેક્ષિત થઈને પુરુષાર્થને મોક્ષમાર્ગ પ્રતિ યોજવામાં આવે તો) જો પરમશુદ્ધ ચૈતન્યઘન અવિનાશી નિઃશ્રેયસપદની પ્રાપ્તિ થતી હોય તો ફૂટી કોડીના બદલામાં ચિંતામણી રત્નથી પણ અધિક લાભ થયો, તેમ સમજવા યોગ્ય છે.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

('અનુભવ સંજીવની' બોલ- ૪૦૨)




## નવું પ્રકાશન

## 'અધ્યાત્મ પિપાસા' (ભાગ-૭)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા'ની શ્રેણીનો ભાગ-૭ (ગુજરાતી) પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આગામી ૯૪માં જન્મજયંતિ મહોત્સવ પ્રસંગે, તા.૧૭-૧૨-૨૦૨૬ના દિવસે પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની આવશ્યકતા હોય તેઓએ પોતાની નકલ તા. 30-૧૦-૨૦૨૬ સુધીમાં નીચેના નંબર પર રજીસ્ટર કરાવી લેવા વિનંતી.

– શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

શ્રી નીરવ વોરા ૯૮૨૫૦ ૫૨૯૧૩


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ'(સપ્ટેમ્બર-૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

**શ્રી સૌરભ પિયુષભાઈ ભાયાણી, કોલકાતા**

તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# નિર્વિકલ્પ થવાનો એક જ ઉપાય - ભેદજ્ઞાન



તત્ત્વચર્ચા મંગલવાણી-સીડી-૧૬-**A**

- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

ઉત્તર :- રીત એ તો અંદરથી પોતે જ માર્ગ કરી લે. પોતાને જિજ્ઞાસા હોય પોતે જ અંદરથી થાય. વિકલ્પથી સમજાય પણ અંદરથી છૂટું પડવું, ભેદજ્ઞાન કરવું એ બધું પોતાના હાથની વાત છે. એનો ભેદજ્ઞાન સિવાય કોઈ ઉપાય નથી. આ શરીર જુદું, આત્મા જુદો. વિભાવ પોતાનો સ્વભાવ નથી અને હું જાણનારો જ્ઞાયક છું. એને ક્ષણે ક્ષણે પુરુષાર્થ કરવો અને ભેદ જ્ઞાન કરવું પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :- નિરંતર ભેદજ્ઞાન કરતા રહેવું.

ઉત્તર :- નિરંતર કરવું. અંતરનો સ્વભાવ ઓળખે અને કરે. એ થાય એ અંતરથી થાય એ યથાર્થ થાય. પણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એની ભાવના કરે, રટણ કરે, ભેદજ્ઞાન ભલે એમ વિકલ્પથી કરે પણ યથાર્થપણે તો સહજ જ્યારે થાય ત્યારે જ થાય. ભેદજ્ઞાન એક જ ઉપાય છે. નિર્વિકલ્પ થવાનો ઉપાય એક જ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને ભેદજ્ઞાન કરવું એ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- દ્રવ્યને અકારણ અપરિણામિક કહ્યું એ કઈ અપેક્ષાએ?

ઉત્તર :- એને કોઈ કારણ નથી લાગુ પડતું. એ તો સ્વતઃ છે ને? કોઈના કારણથી પરિણમે એવું દ્રવ્ય હોય તો પરાધીન થઈ જાય. કોઈનું કારણ મળે. એ તો અનાદિ-અનંત સ્વતઃ સિદ્ધ છે.

પ્રશ્ન :- શાશ્વત છે.

ઉત્તર :- શાશ્વત છે. પોતાની મેળે એ પોતે પરિણમે છે. પોતે વિભાવમાં જનારો પોતે અને સ્વભાવરૂપે પરિણમનારો પોતે જ છે. કર્મ તો માત્ર નિમિત્ત છે. પોતે જ પરિણમે છે. બીજું કોઈ નહિ. બીજું કોઈ પરિણમતું નથી. પોતે અકારણ સ્વતઃસિદ્ધ પોતે અનાદિ અનંત શુદ્ધ છે. એને અશુદ્ધતા પોતે પોતાની પરિણતિમાં થાય છે. કર્મના નિમિત્તમાં થાય છે.

પ્રશ્ન :- પર્યાયની કોઈની અપેક્ષા નથી.

ઉત્તર :- એને પર્યાયની અપેક્ષા નથી. પર્યાય તો એની પરિણતિ છે. એની અપેક્ષાએ એની પર્યાય સ્વતઃ પરિણમે. પર્યાય અને દ્રવ્ય તદ્દન કટકા નથી. એ તો દ્રવ્યને આશ્રયે પર્યાય થાય છે. દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે પણ બધું સ્વતઃ છે. કોઈના કારણે થાતું નથી. પોતે જ જે રીતે

પરિણમવું હોય એ પોતે જ પરિણમે છે. દ્રવ્ય પોતે. દ્રવ્ય પોતાના મૂળસ્વભાવમાં અશુદ્ધતા થાતી નથી. પર્યાય પરિણમે એટલે પર્યાય જુદી પરિણમે અને દ્રવ્ય જુદું એમ કટકા નથી. એમ દ્રવ્યનો સ્વભાવ જુદો. પર્યાય એક અંશ છે અને આત્મા અંશી છે. એટલો એનો ભેદ છે. બાકી સર્વથા એ કટકો છે અને આ કટકો છે. એવા કટકા નથી.

પ્રશ્ન :- હે માતાજી! અનંતગુણ સ્વરૂપ આત્મા તેના એકરૂપ સ્વરૂપે દષ્ટિમાં લે એને એકને ધ્યેય બનાવી તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલામાં પહેલો શાંતિ સુખનો ઉપાય છે. એમ વચનામૃતમાં આવે છે.

ઉત્તર :- અનંતગુણ સ્વરૂપ આત્મા છે એને એકને જ લક્ષમાં લેવો. એના ગુણભેદ ઉપર દષ્ટિ નહિ મૂકતા એ એકને જ લક્ષમાં લેવો. એ આત્મા એક ચૈતન્ય અભેદ તત્ત્વ છું. એને લક્ષમાં લેવું. એનું ધ્યેય બધું એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. એને આ વિભાવ સાથે કે કોઈની સાથે.. એનાથી જુદો છે, એનાથી ન્યારો, એનો સ્વભાવ જુદો. એ બધી રીતે જુદો છે. એને લક્ષમાં લઈને એને એકને જ ધ્યેયમાં રાખવો. એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં જ એકાગ્રતા કરવી. એ એક જ એમાં એકાગ્રતાની પ્રતીતિ બધું એમાં જ કરવાથી શાંતિ અને સુખ પ્રગટ થાય છે. એમાંથી જ. બીજો કોઈ એનો ઉપાય નથી. ઉપાય તો એક જ છે. પછી ન થાય ત્યાં સુધી આ બધું વાંચન-વિચાર બધું હોય છે વચમાં. પણ ધ્યેય તો આ એકનું જ રાખવાનું છે. (તત્વચર્ચા નો શેષ ભાગ આવતા અંકે... )

*

(પાના નં ૧૮ થી આગળ... )

વનસ્પતિ આદિના જોગથી પારો બંધાઈ તેનું રૂપાં વગેરે રૂપ થવું તે સંભવતું નથી, તેમ નથી. યોગસિદ્ધિના પ્રકારે કોઈ રીતે તેમ બનવા યોગ્ય છે, અને તે યોગનાં આઠ અંગમાંનાં પાંચ જેને પ્રાપ્ત છે તેને વિષે સિદ્ધિજોગ હોય છે. આ સિવાયની કલ્પના માત્ર કાળક્ષેપરૂપ છે. તેનો વિચાર ઉદય આવે તે પણ એક કૌતુકભૂત છે. કૌતુક આત્મપરિણામને વિષે યોગ્ય નથી. પારાનું સ્વાભાવિક પારાપણું છે.

*

## પત્રાંક-૪૧૦

મુંબઈ, આસો સુદ ૭, ભોમ, ૧૯૪૮

પ્રગટ આત્મસ્વરૂપ અવિચ્છિન્નપણે ભજવા યોગ્ય છે.

વાસ્તવિક તો એમ છે કે કરેલાં કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થાય નહીં, અને નહીં કરેલું એવું કંઈ કર્મફળ પ્રાપ્ત થાય નહીં. કોઈ કોઈ વખત અકસ્માત્ કોઈનું શુભ અથવા અશુભ વર અથવા શાપથી થયેલું દેખવામાં આવે છે, તે કંઈ નહીં કરેલાં કર્મનું ફળ નથી. કોઈ પણ પ્રકારે કરેલાં કર્મનું ફળ છે.

એકેન્દ્રિયનું એકાવતારીપણું અપેક્ષાએ જાણવા યોગ્ય છે. એ જ વિનંતિ.

*



## 'દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિનો વિષય'

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' – પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**દૃષ્ટિનું વિષયભૂત દ્રવ્ય એકાંતે કૂટસ્થ જ છે. પર્યાય અપેક્ષાએ પર્યાય એકાંત અનિત્ય જ છે.** (–આ સમ્યક્ એકાંત છે.) **૩૨.**

*

**'હું' તો ક્યારેય પણ ખસું નહીં, એવો ખૂંટો છું. પરિણામ આવે છે અને જાય છે. પરંતુ 'હું 'તો ખૂંટાની જેમ અચલિત જ રહું છું. ૪૦.**

*

**'હું' તો અડગ છું, કોઈથી ડગવાવાળો નથી. જેમ આ દેહાકારમાં સ્થિત આકાશ અડગ છે, હાલતું–ચાલતું નથી, તેમ 'હું' પણ અડગ છું. ૫૦.**

*

**ચૈતન્ય ગાંસડી 'હું' જ છું, એવી પક્કડ થઈ જવાથી મતિશ્રુતજ્ઞાન અંતરમાં ઢળી જાય છે. તેથી અંતરમાં ઢળવાનું** (ઉપદેશમાં) **કહેવામાં આવે છે. ૫૩.**

*

**'હું' વર્તમાનમાં જ સમજણનો પિંડ છું. ૫૪.**

*

**પ્રશ્ન : શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો, પ્રયત્ન કરવો તે વાત આવે છે?**

**ઉત્તર : પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે, પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય! 'હું તો પર્યાય–માત્રથી ભિન્ન છું', પ્રયત્ન શું કરું? સહજરૂપ થાય છે. પ્રયત્ન વગેરેનું 'થવું' પર્યાયનો સ્વભાવ છે. 'હું' તેમાં ન આવું છું, ન જાઉં છું, 'હું ત્રિકાળી છું' – એવી દૃષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે. ૭૧.**

*

**આખી વસ્તુ** (પ્રમાણનો વિષય) **દેખાડવામાં, નિત્ય અને અનિત્ય દેખવામાં આવે છે. તેમાં અનિત્ય બીજાનું નથી એવું દેખાડવા માટે છે, પરંતુ દૃષ્ટિના વિષયમાં તો નિત્ય જ છું અને અનિત્ય મારાથી ભિન્ન જ છે. તેનો (ઉત્પાદ–વ્યયનો) ભાવ અને મારો (ધ્રુવનો) ભાવ વિરુદ્ધ છે. ૭૫.**

*

(પાના નં ૦૨ થી આગળ... )


જોઈએ, આની આ ફરજ છે', દુઃખ થવાનું છે. કેમકે આપણા વિકલ્પ પ્રમાણે અને આપણા અભિપ્રાય પ્રમાણે સામા જીવનું પરિણમન થવું એવું કોઈ જરૂરી નથી. એ જીવનું સ્વતંત્ર પરિણમન હોય છે. એટલે દુઃખી થવાનું, થવાનું ને થવાનું. એના બદલે પોતે એક વિચાર કરી લે કે આપણે અપેક્ષા કોઈની રાખવી જ નથી ને. ગમે તેમ ચલાવવું છે, પણ અપેક્ષા નથી રાખવી. ઘરમાં કે બહાર, ક્યાંય પણ. કોઈ સંબંધે કે કોઈ મુમુક્ષુ સંબંધે કે કોઈ વ્યવહાર સંબંધે કે કોઈ પ્રકારના સંબંધે. સંબંધ વિના તો અપેક્ષાનો સવાલ ઊભો થતો નથી. કોઈ ત્રાહિત માણસ પાસે તો કોઈ અપેક્ષા રાખતું નથી કે, આ રસ્તે ચાલતો માણસ આપણા સામુ કેમ જોતો નથી? જ્યાં સંબંધ છે ત્યાં અપેક્ષાવૃત્તિ જીવને થઈ આવે છે અને એથી જીવ દુઃખી થાય છે. આ તો બધાના અનુભવમાં આવે એવી વાત છે, સૌને અનુભવમાં આવે એવી વાત છે. અને આપણે સુખી થવું હોય, દુઃખી ન થવું હોય, તો એ ગાંઠ મારી દેવી, આપણે ક્યાંય અપેક્ષા રાખવી જ નથી ને? અપેક્ષા જ ન જોઈએ ને આપણે. બસ, પછી વાંધો નહિ આવે.

સામો એની ફરજ ચૂકતો હોય તો એ એનો દોષ છે. પણ એ બહાને આપણી અપેક્ષાવૃત્તિને આપણે અભિપ્રાયની અંદર વણી લઈએ, એવી ભૂલ નહિ થવી જોઈએ. એટલે અહીંયા 'કૃપાળુદેવ' પોતે પણ 'સોભાગભાઈ'ને મદદ કરી શકે, આર્થિક મદદ કરી શકે, એવી સ્થિતિમાં હોવા છતાં પણ આર્થિક મદદ નથી કરી, કેમ? 'સોભાગભાઈ'ના પરિણામ તો કદાચ એવા અભિપ્રાયવાળા ન થાય, પણ છોકરાઓના અભિપ્રાય તો થઈ જ જાય કે, આપણને કાંઈક મળવું જ જોઈએ, જરૂર હોય ત્યારે આપણને... આ સંબંધ શું કામનો? આટલો બધો સંબંધ શું કામનો? ખરે વખતે કામમાં ન આવે તો એ સંબંધ શું કામનો? આ અપેક્ષાવૃત્તિ કાયમ માટે જન્મ લઈ લે અને પછી મદદ ન મળે ત્યારે આકુળતા થાય. અપેક્ષા ન સંતોષાય ત્યારે આકુળતા થાય અને દ્વેષભાવ આવ્યા વિના રહે નહિ. અપેક્ષા રાગને કારણે રાખી હોય, અપેક્ષા ન સંતોષાય એટલે દ્વેષ ઊભો થયા વિના રહે નહિ.

(પ્રવચનાંશ.. 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક-૩૬૮, તા. ૭-૧૧-૯૮, પ્રવચન નં-૭૫૮)


## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી **Subtitle** સાથે જુઓ. You tube માં **Satshrut prabhavna channel** પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો **Live** પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. **Channel** ને **Subscribe** કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી **Notification** મળી જશે.



- પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી **રાજહૃદય !!**

પત્રાંક-૪૦૮

મુંબઈ, ભાદરવા વદ ૮, બુધ, ૧૯૪૮

ૐ નમસ્કાર

જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું એ જ્ઞાનીપુરુષોનું સનાતન આચરણ છે, અને તે જ આચરણ અમને ઉદયપણે વર્તે છે; અર્થાત્ જે સંસારમાં સ્નેહ રહ્યો નથી, તે સંસારના કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે, અને ઉદય અનુક્રમે વેદન થયા કરે છે. એ ઉદયના ક્રમમાં કોઈ પણ પ્રકારની હાનિ-વૃદ્ધિ કરવાની ઈચ્છા ઉત્પન્ન થતી નથી; અને એમ જાણીએ છીએ કે જ્ઞાનીપુરુષોનું પણ તે સનાતન આચરણ છે; તથાપિ જેમાં સ્નેહ રહ્યો નથી, અથવા સ્નેહ રાખવાની ઈચ્છા નિવૃત્ત થઈ છે, અથવા નિવૃત્ત થવા આવી છે, તેવા આ સંસારમાં કાર્યપણે-કારણપણે પ્રવર્તવાની ઈચ્છા રહી નથી, તેનાથી નિવૃતપણું જ આત્માને વિષે વર્તે છે, તેમ છતાં પણ તેના અનેક પ્રકારના સંગ-પ્રસંગમાં પ્રવર્તવું પડે એવું પૂર્વે કોઈ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ, તથાપિ હજુ પણ તે કેટલાક વખત સુધી ઉદયજોગ છે, એમ જાણી ક્વચિત્ ખેદ પામીએ છીએ, ક્વચિત્ વિશેષ ખેદ પામીએ છીએ; અને તે ખેદનું કારણ વિચારી જોતાં તો પરાનુકંપારૂપ જણાય છે. હાલ તો તે પ્રારબ્ધ સ્વાભાવિક ઉદય પ્રમાણે વેદન કર્યા સિવાય અન્ય ઈચ્છા ઉત્પન્ન થતી નથી, તથાપિ તે ઉદયમાં બીજા કોઈને સુખ, દુઃખ, રાગ, દ્વેષ, લાભ, અલાભના કારણરૂપે બીજાને ભાસીએ છીએ. તે ભાસવાને વિષે લોક પ્રસંગની વિચિત્ર ભ્રાંતિ જોઈ ખેદ થાય છે. જે સંસારને વિષે સાક્ષી કર્ત્તા તરીકે મનાય છે, તે સંસારમાં તે સાક્ષીએ સાક્ષીરૂપે રહેવું, અને કર્ત્તા તરીકે ભાસ્યમાન થવું તે બેધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે.

એમ છતાં પણ કોઈને ખેદ, દુઃખ, અલાભનું કારણ તે સાક્ષીપુરુષ ભ્રાંતિગત લોકોને ન ભાસે તો તે પ્રસંગમાં તે સાક્ષીપુરુષનું અત્યંત વિકટપણું નથી. અમને તો અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે. એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે.('ધર્મ' શબ્દ આચરણને બદલે છે.)

એક વાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય ત્યારે જે ઈશ્વરેચ્છા હશે તે થશે.

*

પત્રાંક-૪૦૯

મુંબઈ, આસો સુદ ૧, બુધ, ૧૯૪૮

જીવનું કર્તૃત્વઅકર્તૃત્વપણું સમાગમે શ્રવણ થઈ નિદિધ્યાસન કરવા યોગ્ય છે.

(અનુસંધાન પાના નં ૧૫ પર.. )

## 'સ્વાનુભૂતિપ્રકાશ' પત્રિકા સંબંધિત અગત્યની સૂચના

જયજિનેન્દ્ર! આ સાથે જણાવવાનું કે 'સ્વાનુભૂતિપ્રકાશ' - આધ્યાત્મિક માસિક પત્રિકા હિંદી / ગુજરાતીમાં અમો છેલ્લા ૨૮ વર્ષથી આપને સ્વાધ્યાય હેતુ મોકલી રહ્યાં છીએ. હવે ઘણો લાંબો સમય થયો હોવાથી એડ્રેસ બદલાયા હોય, અથવા પત્રિકાનો સદઉપયોગ ન થતાં કોઈપણ પ્રકારની અશાતનાની સંભાવના હોવાથી ટ્રસ્ટ દ્વારા પત્રિકા હાલમાં પ્રાપ્ત કરી રહેલ બધા જ મુમુક્ષુઓએ નવેસરથી ફરજીયાત પોતાનું નામ તથા એડ્રેસનું **registration** કરવાનું રહેશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત આગામી ઑક્ટોબર-૨૦૨૬ સુધીની સમયમર્યાદામાં સર્વે મુમુક્ષુને આ પત્રિકા ત્યારબાદ ચાલુ રાખવા માટે નીચે દર્શાવેલ વિગત ભરી આ ફોર્મનો ફોટો પાડી અમારા વૉટ્સએપ નં.- ૯૪૦૮૩૦૩૧૫૨ ઉપર મોકલી આપવાનો રહેશે. નવેમ્બર-૨૦૨૬થી ફક્ત નવેસરથી **registered** થયેલ એડ્રેસ ઉપર જ આ પત્રિકા મોકલવામાં આવશે. જે મુમુક્ષુ **registration** નહિ કરાવે તેમને આ પત્રિકાની ઉપયોગિતા કે આવશ્યકતા નથી તેમ સમજી મોકલવાનું બંધ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેશોજી.

આપને ફિઝિકલ કૉપી કે **pdf** ફાઈલ કે બન્ને જોઈએ તો તે મુજબ નીચેના બોક્સમાં ટીક કરશોજી.

- મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ

ફિઝિકલ કૉપી ☐ **pdf** ફાઈલ ☐

હાલનો રજી. નં :- ____________

નામ :- ______________________________

સરનામું :- ______________________________

______________________________

પિનકોડઃ- ____________

મોબાઈલ નંઃ- ________________

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1070**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041